કાન્તિ ભટ્ટ

## અંગ્રેજી વગર આજે કોઈનો ઉદ્ધાર નથી

અંગ્રેજી-ગુજરાતી માધ્યમનું ભૂત કોણ જાણે ફરીથી ધૂણવા માંડ્યું છે. વ્યવહારુ રીતે પુરવાર થઇ ગયું છે અને ગુજરાતી માબાપો મોડે મોડે જાગ્યા છે એટલે ડાહ્યા થઇ બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવીને ગ્લોબ્લાઇઝેશન માટે તૈયાર કરે છે. હું ગુજરાતીમાં જ લખું છું. ગુજરાતીમાં જ વિચારું છું. બંને બાજુ ઢોલકી વગાડીને હું માધ્યમની ઢોલકી વગાડીને હું ગુજરાતી માધ્યમની વકીલાત કરવાને બદલે એ કામ દરેક માબાપ કે દાદા-દાદીને સોંપીને અંગ્રેજી માધયમમાં બાળકોને જ ભણાવે તેવી ફન્ડામેન્ટલીસ્ટ સલાહ આપું છું. મહુવાની હાઈસ્કૂલમાં ગુજરાતીમાં જ મેટ્રિક પાસ કરીને વડોદરાની કોમર્સ કૉલેજમાં સીધું જ અંગ્રેજી માધયમમાં ભણવાનું આવેલું ત્યારે હું ગુજરાતીમાં જ રડેલો.

સૈનિકોએ કેટલીક મૂળભૂત સૂચના ગોખી રાખવી પડે છે. તમારા બૂટને પાલીસ કરી ચકચકીત રાખો. કેપ્ટનના ઓર્ડરને કડક રીરે પાળો. સારા સૈનિક થવા માટે આ માત્ર ત્રણ સૂચના પર્યાપ્ત હતી. એશિયાના ચીનના અને ફિલિપાઇન્સના સૈનિકોને ખાસ કહેવાય છે કે ‘તમારું ઇંગ્લિશ સુધારો.’

ફિલિપિન્સની મિલિટરી કારકિર્દીમાં અંગ્રેજી ભણ્યું હોય તે જ ઊંચા આવે છે. ભારતમાં જે સૈનિકો મરાઠી કે ગુજરાતી કે બીજી માતૃભાષાનો ડંડો રાખીને સૈન્યમાં ભરતી થાય છે તે માત્ર શહીદ થવા પૂરતા લાન્સ કોર્પોરલ કે સિપાહી કે ડ્રાઇવર થઇને મોરચે જઇ મર્યા છે. એટલા માટે કે તે અંગ્રેજી શીખ્યા નહીં. ફ્રેંચ લોકોએ ગઇકાલ સુધી અંગ્રેજીની આભડછેટ રાખી તેથી પાછળ રહી ગયા. હવે ફ્રેંચ લોકો ઝડપથી અંગ્રેજી શીખી રહ્યા છે.

મોરારજી દેસાઇ અને ઠાકોરભાઇએ આઠમા ધોરણથી જ અંગ્રેજી શીખવવાનું રાખ્યું તેથી શું થયું ? આજે નરેન્દ્ર મોદી કે અગાઉના તમામ મુખ્ય પ્રધાનના મોટા ભાગના સચિવો બંગાળ, ઉ.પ્ર. કે બિહાર કે દક્ષિણના હતા-હોય છે. સૌરાષ્ટ્રની પ્રથમ સરકારના ગૃહસચિવ બિનગુજરાતી હતા. ૨૦૧૦માં સુરતની સુધરાઇના ચીફ મહિલા છે તે સારું છે પણ તે ગુજરાતીભાષી નથી. ગુજરાતના મોટાભાગના પોલીસ ઓફિસરો કે ગૃહસચિવો કે નાણાસચિવો બિનગુજરાતી રાખવા પડ્યા છે. શું ગુજરાતીઓ અર્થશાસ્ત્ર જાણતા નથી ? પણ મોરારજીના પાપે ગુજરાતનો ખરો વહીવટ અંગ્રેજી જાણનારા કરે છે.

અંગ્રેજી વગર આજે કઇોનો ઉદ્ધાર નથી.

ફ્રેંચમેનો માત્ર અંગ્રેજી જ શીખતા નથી તેના ઉચ્ચારોય શીખે છે. આપણા ગુજરાતીઓ અમેરિકા જઇને માત્ર અંગ્રેજી જ બોલતા નથી પણ અમેરિકન ઢબના ઉચ્ચારનું અંગ્રેજી બોલતાં શીખે છે. ચેમ્પસ એબિસિઝ વિસ્તાર(પેરિસ)માં નવી રેસ્ટોરાં, નવી ફૅશન શોપ વગેરે ખૂલે ત્યાં અમેરિકન માલિકીના સ્ટોરવાળા અંગ્રેજી જાણનારા ફ્રેંચમેનોને નોકરી આપે છે.

સુરતના એક ઇજનેર જે પોતાની વેબસાઇટ પર ગુજરાતી મેગેઝિન ચલાવે છે તેમણે વધાઇ ખાવા કહ્યું કે તેના બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવે છે. તેને નમ્રતાપૂર્વક કહેવું પડ્યું કે ઈન્ટરનેટ યુગમાં ગુજરાતી ભણાવશો તો મોરારજીભાઇ જેવું ‘પાપ’ થશે. ભવિષ્યમાં બાળકો કદાચ શાપ આપશે. અમેરિકામાં ૧૧ વર્ષ પહેલાં ૩૦૦૦૦ ભારતીયો ભણવા જતા આજે દોઢ લાખ જાય છે. તેમાં ઓછામાં ઓછા ગુજરાતના હોય છે, કારણ કે અંગ્રેજીમાં કાચા હોય છે. મારી પુત્રી ઘરે ગુજરાતીમાં જ બોલતી. ગુજરાતી વાંચતી. નાટકના ડિરેક્ટર તરીકે ગુજરાતીમાં બોલતી પણ ભણવાનું પહેલી ચોપડીથી અંગ્રેજીમાં જ તેથી જ તેને ફલોરિડા યુનિ.માં પ્રવેશ મળેલો.

આજે જગતમાં ૧ અબજથી વધુ લોકો અંગ્રેજી બોલે છે તેમ લંડનના ભૂતપૂર્વ તંત્રી સાયમન જેન્કીન લખી ગયા છે. ૩૭ કરોડ લોકો જેના ઉપર બ્રિટિશ હકૂમત હતી(ભારત સહિત) તે તમામ અંગ્રેજીમાં પ્રવીણ બની આજે અમેરિકા-યુરોપમાં આગળ આવ્યા છે. વોશિંગ્ટન સ્ટેટની અલગ સરકારના ચીફ અપણા ગુજરાતી ડૉ. નટવર ગાંધી છે. તે અમેરિકન સ્ટેટનું તંત્ર ચલાવે છે. તે ગુજરાતી સાહિત્યના બંદા છે પણ વહીવટમાં અંગ્રેજી ! જે વિદેશિ લોકો માતૃભાષા સિવાયની ભાષા બોલે છે તે ભાષા અંગ્રેજી છે. ચીનાઓ અંગ્રેજીને ધિક્કારતા. ૧૯૯૯માં પાંચ કરોડ ચીના અંગ્રેજી શીખતા આજે પંદર કરોડ શીખી ગયા છે. બ્રિટનની સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચીફ અંગ્રેજ નથી પણ શીખ્યા છે. દ.આફ્રિકામાં જન્મેલા બ્રિયાન ગીલ્વસ્ટન આફ્રિકન ભાષામાં જ પડ્યા રહ્યા હોત તો મલ્ટિનેશનલ સ્ટિલ કંપની-બિલિટોનના ચીફ બન્યા ન હોત.

ડેન્માર્કમાં જન્મેલા જાન લેશલી ડેનીશ માધ્યમને જ વળગ્યા હોત કે બંને બાજુ ઢોલકી વગાડી હોત તો મશહૂર દવાકંપની ગ્લેક્સો સ્મિથ કલીનના ચીફ ન બનત. આયરલેન્ડે આજે દેવાળું કાઢ્યું છે. આયરીશ ભાષાને શરૂમાં વળગી રહ્યા, મોડે મોડે અક્કલ સૂઝી અને અંગ્રેજી પ્રત્યેનો દ્વેષભાવ છોડ્યો. યાદ રહે કે અહીંથી આપણા બંધુઓ અમેરિકા જાય છે તે આપણા કરતાં ડાહ્યા છે. બહાર અંગ્રેજી બોલે છે. ઘરમાં મહિલાઓ ગુજરાતી બોલીને બાળકોને ગુજરાતી શીખવે છે પણ સ્કૂલમાં બાળકોને અંગ્રેજી ભણવાનું જ કહે છે. આજે જગતમાં પ્રથમ નંબર અંગ્રેજી અને બીજો નંબર સ્પેનિશનો છે.

એ સાચું કે અંગ્રેજો ઈમ્પિરિયાલિસ્ટ હતા તેથી અંગ્રેજીનો વ્યાપ વધ્યો પણ તેમાં આપણા બાપનું શું ગયું ? ઈઝરાયલી કે જર્મન કે બીજાએ તમામે વિજ્ઞાનમાં પ્રગતિ કરી પણ અંતિમ ઇન્ફોટેક માટે કે નેનો ટેક્નોલોજી કે ડીએનએ કે મેડિકલ અભ્યાસ માટે જખ મારીને અંગ્રેજી ભણવું પડ્યું. વિજ્ઞાનની અંતિમ પ્રગતિ માટે અંગ્રેજી જરૂરી છે. થોડોક ઈતિહાસ ફરી વાંચો-જો આજથી ૪૬૭ વર્ષ પહેલાં ઇંગ્લેન્ડના ડેવન શાયર ગામે ફ્રાંસિસ ડ્રેક ન જન્મ્યો હોત અને તેણે સમુદ્રનાં સાહસોમાં સ્પેનનાં નૌકાદળને હરાવ્યા ન હોત તો આપણે બધા જ ભારતમાં અંગ્રેજીને બદલે સ્પેનિશ બોલતાં હોત ! સર ફ્રાંસિસ ડ્રેકે ઠેરઠેર સ્પેનિશ લોકોને હરાવી અંગ્રેજી ઝંડો ફેલાવ્યો છે.

મલેશિયા તો આજે બહુ ઝનૂની છે પણ પંદર વર્ષ પહેલાં મલેશિયાને હું સારી રીતે જાણતો હતો. ત્યાં મલય પ્રધાનોએ અંગ્રેજી ભણવું જ પડતું. ત્યાંના શિક્ષણપ્રધાન નજીબ હન રઝાક શરૂમાં મલય ભાષાનાં આગ્રહી હતા પણ તેના બાળકોને શરૂથી જ અંગ્રેજીમાં ભણાવવા માંડ્યા. આપણા ગુજરાતમાં ગુજરાતી સાહિત્યિક માસિકો(કુમાર અભિનવ ભારતી, મેઘાણીનું 'મિલાપ' વગેરે) બંધ થાય છે ત્યારે બ્રિટનમાં અને અમેરિકામાં (ગુજરાતીઓમાં) ગુજરાતી મેગેઝિનો વધુ વંચાય છે ! ઈન્ટરનેટના ૮૦ ટકા વેબ-પેઇજ અંગ્રેજીમાં છે...ભલે તમારામાં મૌલિકતા ભરી પડેલી હોય અને જીવનમૂલ્યો પ્રમાણે ગુજરાતીનો જ આગ્રહ રાખો તો અમારે શિર-માથા બરાબર છો.